## વડીલોને વંદન અભિનંદન



કનુભાઈ એમ. પરમાર
(૧૯૪૫)મો.૯૪૨૭૩૩૭૦૦૭



નલિની લાભશંકર વ્યાસ
(૧૯૨૮)ફોન:૨૩૨૬૦૮૯૬

# કાનૂની સેવા સત્તા મંડળ પારા લીગલ વોલયન્ટર્સની નિમણુંક કરાશે

## ૧૬ જાન્યુઆરી સુધીમાં અરજી ફોર્મ મેળવી લેવા જણાવાયું

ગાંધીનગર, તા.૬

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા જિલ્લામાં પારા લીગલ વોલયન્ટર્સની નિમણુંક કરવામાં આવનાર છે. વોલયન્ટર્સ તરીકે જોડાવવા ઈચ્છતા વ્યકિતએ આગામી તા. ૧૬ જાન્યુઆરી સુધીમાં અરજી ફોર્મ મેળવી લેવાનું રહેશે.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના અધ્યક્ષ જી.કે. ઉપાધ્યાયના જણાવ્યા મુજબ કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા જિલ્લામાં પારા લીગલ વોલયન્ટર્સની નિમણુંક કરવામાં આવનાર છે. પારા લીગલ વોલયન્ટર્સ તરીકે નિવૃત્ત શિક્ષક, કર્મચારી આંગણવાડી કાર્યકર, ડૉકટર, વિદ્યાર્થી-બિન રાજકીય સભ્યો, એન.જી.એ. તેમજ અન્ય સેલ્ફ ગ્રુપના સભ્યો કામ કરી શકે છે. જયારે ડી.એલ.એમ.એ. દ્વારા માનદ વેતન નક્કી કરાયા સિવાય લીગલ વોલયન્ટર્સ ને કોઈ પગાર કે મહેનતાણું અપાતું નથી યોગ્યતા ધરાવતી વ્યકિતઓએ આગામી તા. ૧૬ જાન્યુઆરી સુધીમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની કચેરી ડીસ્ટ્રીકટ કોર્ટ રૂમ નં. ૧૦૧ ખાતેથી અરજી ફોર્મ મેળવી લેવા જણવાયું છે.



## ધનસુરામાં આત્મીય યુવા મહોત્સવ રંગેચંગે સંપન્ન

સ્વામીનારાયણની કલ્યાણ પરંપરાના વર્તમાન જ્યોતિધર અને યોગી ડિવાઈન સોસાયટીના પૂજ્ય હરિપ્રસાદ સ્વામીજીના ૮૦૪માં પ્રાગટ્ય દિનની ભાવસભર અને ભવ્ય ઉજવણી અરવલ્લી જિલ્લાના ધનસુરા ખાતે કરવામાં આવી હતી. આ મહોત્સવમાં દેશ વિદેશથી દોઢ લાખથી વધુ ભાવિકોએ ભાગ લીધો હતો. આ આત્મીય યુવા મહોત્સવમાં ધનસુરા વડાગામ માર્ગ ઉપર વિશાળ સમિયાણું ઉભુ કરવામાં આવ્યું હતું. છેલ્લા એક માસથી ધનસુરાના હરિભક્ત અને યુવાનોના સહકારથી કલકત્તાના કારીગરો દ્વારા વિશાળ મંડપ તૈયાર કરવામાં આવ્યો હતો. અને તેની કલા કારીગરી આંખે વળે તેવી હતી. મહોત્સવમાં ભાવિકો માટે મહાપ્રસાદનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. મહોત્સવમાં અનુપમ મિશન મોગરીના અધિષ્ઠાત પૂજ જસાભાઈ અને અક્ષર બિહારી સ્વામીએ પ્રવચન આપ્યું હતું જેમાં જીવનને સાચા માર્ગે વાળવાની શીખ આપી હતી. આ કાર્યક્રમમાં મંત્રી રમણલાલ વોરા, મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, જિલ્લા કલેક્ટર જે.બી. ભટ્ટ, સહિતના અધિકારી અને પદાધિકારી ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

# ડીસામાં સરદાર યાત્રાના આયોજન અંગે કોંગ્રેસની મિટીંગ મળી

ડીસા, તા. ૬

ડીસાનાં હિન્દુ ધર્મ શાળા ખાતે ડીસા શહેર તેમજ તાલુકા કોંગ્રેસની બેઠક મળી હતી. જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા સદાચાર યાત્રાનું આયોજન કરેલ હોઈ તે નિમિત્તે આ બેઠક યોજાઈ હતી.



ડીસાનાં હિન્દુ ધર્મ શાળા ખાતે પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજીત સદાચાર યાત્રાનું આયોજન કરેલ હોઈ ૭/૧/૧૩નાં રોજ ડીસા ખાતે યાત્રા આવવાની હોઈ તે માટે બેઠક યોજાઈ હતી. જેમાં બેઠકની શરૂઆતમાં ડીસા કોંગ્રેસ શહેર મહામંત્રી સંજય ત્રીભોવન પઢીયાર અને બનાસકાંઠા જીલ્લા પૂર્વ મહામંત્રી ભાયચંદભાઈ પટેલનું ૨૩/૧૨/૧૩નાં રોજ નિધન થયું હતું. તેમના માનમાં ૨ મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલી આપ્યા બાદ મિટીંગની શરૂઆત કરી હતી. આ મિટીંગમાં ડીસા ખાતે આવનારી સદાચાર યાત્રા જે ડીસાનાં જલારામ મંદિરથી પ્રવેશી શહેરમાં રેલી સ્વરૂપે ફરી જાગૃતિ કોમ્પલેક્ષ ખાતે સભાનાં સ્વરૂપમાં ફેરવાશે. આ યાત્રામાં કાર્યકરો દ્વારા બાઈક રેલી પણ યોજાશે. આ યાત્રામાં જોડાવા જીલ્લા ડેલીગેટો, તાલુકા ડેલીગેટો, મહિલા કાર્યકરો યુથ કોંગ્રેસના કાર્યકરોને ઉપસ્થિત રહેવા વિનંતી કરવામાં આવી છે. આ મિટીંગમાં પાલનપુરના ધારાસભ્ય મહેશભાઈ પટેલ, ગોવાભાઈ દેસાઈ, બહાદુરસિંહ વાઘેલા, પ્રકાશભાઈ ભરતીયા, સંજયભાઈ દેસાઈ ડીસા શહેર કોંગ્રેસ પ્રમુખ દિપકભાઈ પટેલ ઠાકોર અજમલજી, ડીસા તાલુકા મહિલા પ્રમુખ જયોત્સનાબેન બારોટ, ડીસા શહેર મહિલા પ્રમુખ ઠક્કર ઉષાબેન યુથ કોંગ્રેસ તાલુકા મહામંત્રી દિવ્યાબેન પંચાલ સહિત તાલુકાનાં ડેલીગેટો કોંગ્રેસના કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## ચૌધરી ગર્લ્સ બી.સી.એ. કોલેજમાં 'ટેલન્ટ સ્પાર્ક' સ્પર્ધા યોજાશે

ચૌધરી કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન દ્વારા 'ટેલન્ટ સ્પાર્ક' સ્પર્ધા તા. ૮ જાન્યુઆરીના રોજ કોલેજ ખાતે યોજવામાં આવશે. ચૌધરી કોલેજ ખાતે યોજાનાર ટેલન્ટ સ્પાર્ક સ્પર્ધામાં શહેર ઉપરાંત આજુબાજુની શાળાના ધો-૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં સામાન્ય જ્ઞાન, ફલેશ ગેમ, એજયુકેશન વેન્ટ, મહેંદી, રંગોળી, સોલો ડાન્સ, ગ્રુપ ડાન્સ, ડ્રામા જેવી સ્પર્ધાઓ યોજવામાં આશે.

સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ તા. ૭ જાન્યુઆરી બપોરે ૨.૦૦ કલાક સુધી પોતાનું રજીસ્ટ્રેશન કરાવી દેવાનું રહેશે. સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવનાર વિદ્યાર્થીને ૧૫૦૦, ૧૦૦૦ અને ૫૦૦ રૂ. ઈનામ અને પ્રમાણપત્ર આપવામાં આવશે.

## આજે ટાઉનહોલમાં 'વિવેકાનંદ' નાટક નાટયપ્રેમીઓને નિહાળવા નિમંત્રણ

રાઙ કોમ્યુનિકેશન, અમદાવાદ દ્વારા, યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, અને સંગીત નાટક અકાદમી ગુજરાત રાજયના આર્થિક સહયોગથી નિર્માણ કરાયેલ નાટક 'વિવેકાનંદ'નો એક શૉ આજે તા. ૭ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ રાત્રે ૯-૦૦ કલાકે ટાઉનહોલ, ગાંધીનગર ખાતે યોજાયો છે.

ગુજરાતી રંગભૂમિના નીવડેલા કલાકાર, દિગ્દર્શક શ્રી રાજુ શુકલ દિગ્દર્શિત, સ્વામી વિવેકાનંદજીના જીવન -કવનનો અને વિચારધારાને નાટયાત્મક રીતે મલ્ટીમીડિયા પ્રેઝન્ટેશન સહિત નિહાળવાનો આ લહાવો ગાંધીનગરના નાટયરસિકોને વિના મૂલ્યે લેવા રાજ કોમ્યુનિકેશન દ્વારા નિમંત્રણ અપાયુ છે.

આ નાટકમાં સુરત, અમદાવાદ અને ગાંધીનગરના કલાકારો અભિનય આપી રહ્યા છે.

# ઓલ ઈન્ડિયા સ્કૂલ ગેમમાં ગુજરાતને સીલ્વર મેડલ અપાવતો પાટણનો મેઘ પટેલ


પાટણ, તા. ૬

લોન ટેનિસ ક્ષેત્રે પાટણની શિશુ મંદિર શાળામાં અભ્યાસ કરતા મેઘ ભાર્ગવ પટેલે અન્ડર-૧૦ અને અન્ડર-૧૨માં અનેકવાર ઓલ ઈન્ડિયામાં પ્રથમ સ્થાન મેળવી ગુજરાતને ગૌરવ અપાવેલ છે.

બેંગ્લોર તેમજ અમદાવાદ મુકામે યોજાયેલ એશિયન રેકીંગ સ્પર્ધામાં પણ તૃતિય સ્થાન પ્રાપ્ત કરી અન્ડર-૧૨માં ઓલ ઈન્ડિયા ટોપ ટેન ખેલાડીઓમાં સ્થાન પ્રાપ્ત કરેલ છે.

પાટણમાં લેબર સેટીંગનો સાધારણ વ્યવસાય કરતા ભાર્ગવભાઈ હરીભાઈનો આ પુત્ર માત્ર ૧૩ વર્ષની ઉંમરનો હોવા છતાં ૧૭ વર્ષની નીચેના ખેલાડીઓની યોજાતી ઓલ ઈન્ડિયા સ્કૂલ ગેમનો બીજી વખત કેપ્ટન બન્યો છે.

તા. ૨-૧-૨૦૧૪ના રોજ પુના ખાતે યોજાયેલ ઓલ ઈન્ડિયા સ્કૂલ ગેમમાં તેની ઉત્કૃષ્ટ રમત બતાવી ગુજરાતને બીજા સ્થાને પહોંચાડી સીલ્વર મેડલ અપાયેલ છે. પોતાને ફાળે આવતી તમામ મેચ મેઘે જીતી લીધી હતી. પરંતુ ટૂર્નામેન્ટમાં સાથી ખેલાડીઓની અપેક્ષિત રમત ન રમાતા ગુજરાતની ટીમ ગોલ્ડ મેડલથી વંચિત



(ચેતન પી. રામી, પાટણ)

રહી ગયેલ હતી.

મેઘના મામા હાર્દિક પટેલ મેઘની દરેક રમાયેલી મેચની સમીક્ષા કરી તેને આગામી મેચમાં કેવો વ્યૂહ અપનાવવો તે એગે માનસિક રીતે તૈયાર કરી માર્ગદર્શન આપે છે. તથા માતા વંદનાબેન ઓલ ઈન્ડિયાની તમામ ટૂર્નામેન્ટમાં સતત તેની સાથે રહી સમગ્ર ભારતનું પરિભ્રમણ કરતા રહે છે. આશા રાખીએ કે મેઘ નજીકના ભવિષ્યમાં ઈન્ટરનેશનલ કક્ષાની ટૂર્નામેન્ટમાં ગુજરાત તેમજ શાળાનું નામ રોશન કરે.

## હિંમતનગરમાં સુરક્ષા સેતુ સોસાયટી હેઠળ મહિલા જાગૃતિ રેલી યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે સોમવારે ડૉ. નલીનકાંત ગાંધી ટાઉનહોલ ખાતે સુરક્ષા સેતુ સોસાયટી સાબરકાંઠા હેઠળ આગામી દિવસોમા યોજાનાર પ્રજાસત્તાક પર્વની ઉજવણીને લઈને શહેરની પાંચ કોલેજોની વિદ્યાર્થિનીઓ, એન.જી.ઓ. કાર્યકરો અને મહિલા લોકરક્ષક સહીત ૫૦૦ થી વધુ મહિલાઓ અને વિદ્યાર્થિનીઓ મહિલા સશક્તિકરણના ભાગરૂપે રેલી નીકળી હતી. ત્યારબાદ શહેરના વિવિધ માર્ગો પર ફરીને પરત ટાઉનહોલ ખાતે આવી હતી. જ્યાં એક જાગૃતિ સેમીનાર યોજાયો હતો. જેમાં યુવતીઓ અને મહિલાઓ કોલેજ, સ્કૂલ કે પછી નોકરી માટે જતી સમયે શું શું ધ્યાન રાખવું તેનો કઈ રીતે સામનો કરવો તે અંગેની એક ફિલ્મ બતાવી હતી. આ સેમીનારમાં જિલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયા, નાયબ પોલીસ અધિક્ષક જ્યોતિ પંકજ પટેલ, શહેર નાયબ પોલીસ અધિક્ષક એમ.આર. ગુપ્તા, મહિલા પોલીસ મથકના પી.આઈ. કે.આર. ડાભી સહીત મહિલા પોલીસ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



પાટણ શહેરના ઘીવટામાં આવેલ મણીયારી વાડાના મહાવીરસ્વામીના જૈન દેરાસરમાંથી પોલીસનું નાઈટ પેટ્રોલિંગ હોવા છતાં ચકમો આપી મહાવીર સ્વામી ભગવાનના આભૂષણો સાથે ગર્ભગૃહના ૧૭ કિલો ચાંદી મઢીત વજનદાર દરવાજા પણ તસ્કરો ચોરી ગયા હતા. ચાંદીથી લાકડા પર મઢેલ આશરે ૬૦ કિલો વજનના દરવાજા ઉપાડી તસ્કરો ચોરી ગયા હોય એવો જિલ્લામાં આ પ્રથમ બનાવ બનવા પામ્યો હતો. આ ચોરીના પગલે એસ.પી. સહિતનો પોલીસ કાફલો દોડી આવ્યો હતો. (તસવીર : ચેતન પી. રામી, પાટણ)

# વિકાસ કાર્યોના લોકાર્પણ માટે મંત્રીઓ સાબરકાંઠા જિલ્લાના પ્રવાસે

ગાંધીનગર, તા.૬

૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વનો રાજયકક્ષાનો કાર્યક્રમ સાબરકાંઠા જિલ્લામાં યોજાનાર હોઈ રાજય મંત્રી મંડળના મંત્રીઓ વિકાસ કાર્યોના લોકાર્પણ ખાતમુર્હતના કાર્યક્રમો માટે સાબરકાંઠા જિલ્લાના પ્રવાસમાં વ્યસ્ત છે.

પ્રજાસત્તાક દિન અને સ્વાતંત્ર્ય દિનનો રાજયકક્ષાનો કાર્યક્રમ રાજય સરકારે રાજયના દરેક જિલ્લા મથકોએ યોજવાનો નિર્ણય લીધો છે જે અંતર્ગત દર વર્ષે વિવિધ જિલ્લાઓમાં આ કાર્યક્રમ યોજાય છે. આ ઉપરાંત જે જિલ્લામાં આ કાર્યક્રમ યોજાનાર હોય તે જિલ્લામાં દસ દિવસ અગાઉ વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુર્હુતના કામો હાથ ધરવામાં આવે છે.

આ વર્ષે પણ આગામી ૨૬મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક પર્વનો રાજયકક્ષાનો કાર્યક્રમ સાબરકાંઠા જિલ્લામાં યોજાનાર છે. આ કાર્યક્રમ પૂર્વ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુર્હુતના કામો હાથ ધરવામાં આવ્યા છે. વિકાસ કામોના લોકાર્પણ માટે મોટા ભાગના મંત્રીઓ સાબરકાંઠા જિલ્લાના પ્રવાસે જતાં આજે સપ્તાહના પ્રથમ દિવસે સચિવાલયમાં અમુક જ મંત્રીઓ હાજર હતાં.

એક સપ્તાહ દરમિયાન સાબરકાંઠા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં મંત્રીઓના હસ્તે લોકાર્પણ અને ખાતમુર્હુતના વિકાસ કાર્યોના કામો હાથ ધરવામાં આવનાર છે. ૨૫મી જાન્યુઆરીના રોજ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં એક ભવ્ય કાર્યક્રમ પણ યોજાનાર હોવાનું જાણવા મળે છે.

## શબ્દાવલી - ૫૨૮૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | | ૩ | | ૪ |
| ૫ | | ■ | ■ | ■ | | ■ | |
| | ■ | ■ | ૬ | | | | |
| ■ | ૭ | ૮ | | ■ | ■ | ■ | ■ |
| ૯ | | | ■ | ૧૦ | ૧૧ | ૧૨ | |
| ૧૩ | | ■ | ૧૪ | | | | ■ |
| ૧૫ | | ૧૬ | ■ | | ■ | ૧૭ | |
| ■ | ૧૯ | | | | | ■ | |

### આડી ચાવી

૧. ભારતના શ્રેષ્ઠ બેટ્સમેન(૮)
૫. સંકલ્પ વગેરે કરનાર ઇન્દ્રિય (૨)
૬. ફોજનો એક અમલદાર(૩)
૭. શોટ, ઝટકો (૩)
૯. દેવું, ઋણ (૩)
૧૦. ગાંડીઘેલી, હરખપદુડી (૪)
૧૩. સપ્તાહ, અઠવાડિયું (૩)
૧૪. ભારતનો એક રાજકીય પ્રદેશ (૪)
૧૫. તાંસળો, થાળી જેવું પાત્ર(૩)
૧૭. નહોર, આંગળાના ટેરવા ઉપરનું કડક પડ (૨)
૧૯. .... ની મીઠાઇ વખણાય(૫)

### ઊભી ચાવી

૧. તાકાતવર, બળવાન (૩)
૨. ભારતની ઉત્તરે આવેલ દેશ (૨)
૩. સેના, સૈન્ય (૩)
૪. કૃપા, દયા (૩)
૬. સાદડી, ચટાઇ (૨)
૭. જરૂરી જ ખર્ચ કરવું તે(૫)
૮. દુઃખ, ખેદ (૨)
૯. કાવ્ય (૩)
૧૦. વાદળાની ગર્જના અને વીજળી (૪)
૧૧. એક ક્રિકેટર (૨)
૧૨. પગાર, પે (૩)
૧૬. સાર, સત્ત્વ (૨)
૧૮. પત્ર, લેટર (૨)

### શબ્દાવલી ૫૨૭૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) નિરોગી (૫) હિર (૬) નયા (૭) વનરાજ (૧૦) આજતક (૧૨) બાજરી (૧૩) ડર (૧૪) તારાજ (૧૬) નિરવ (૧૮) જપ (૧૯) ઠીકઠાક (૨૧) ગરજ (૨૨) પરૂ

**ઊભી ચાવી :-** (૧) વાહિયાત (૩) નર (૪) નિશાનબાજ (૬) નજર (૮) રાજ (૯) જરી (૧૦) આક્રશ (૧૧) કતાર (૧૫) રાવડી (૧૬) નિપજ (૧૭) નઠારૂ (૧૮) જર (૨૦) કપ

### શરત ભંગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેવા ૪૫ કિસ્સામાં કોર્ટ કેસની કાર્યવાહી હાથ ધરાઈ છે.

શહેરમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો પૈકી ૧૦૦થી વધુ આવાસો વિવિધ સંસ્થાઓને પણ ફાળવવામાં આવ્યા છે. શરતોને આધિન ફાળવવામાં આવેલા આ આવાસોને લઈ સરકાર કક્ષાએથી નિયત કરવામાં આવેલી વિવિધ શરોતનું પણ ચુસ્તપણે પાલન કરવાનું હોય છે. થોડા સમય અગાઉ તંત્ર દ્વારા સંસ્થાઓને ફાળવવામાં આવેલા આ આવાસોના ઉપયોગમાં હેતુફેર કે અન્ય શરતોનું પાલન થાય છે કે કેમ તે અંગે સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જેના અંતે ભાડુ ભરપાઈ ન કર્યુ હોય તેમજ સંસ્થાઓને ફાળવણી કરાયેલા મકાનોના ઉપયોગમાં હેતુફેર થતો હોય તેવા કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા હતા. આવા કિસ્સાઓ બદલ તંત્ર દ્વારા જવાબદાર સંસ્થાઓ સામે કોર્ટ કેસ દાખલ કરવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ હાલ ૪૫ કિસ્સામાં કોર્ટ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત કર્મચારીઓને ફળવાયેલા આવાસો પૈકી શરતભંગના ૧૫ કિસ્સાઓમાં કોર્ટ કેસ દાખલ કરવા સુધીના પગલા લેવાયા છે. સરકારી આવાસોની સ્થિતિ દાયકાઓના અંતે કંગાળ બની છે જયારે આવાસોના ઉપયોગમાં પણ પારદર્શકતા ન જળવાતી હોવાના કિસ્સાઓ ધ્યાને આવતા મકાનોની ફાળવણી તેમજ કરાર આધારિત મંજૂરી આપવાના મામલે વિભાગે વધુ કડક વલણ અપનાવ્યું છે.

### ફરિયાદ દાખલ કરવાનો ઈન્કાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

એમ પણ કહ્યુ હતુ કે સંબંધિત સ્ટેશન હાઉસ ઓફિસરે સૌથી પહેલા ફરિયાદ લેવાનો ઈન્કાર કર્યો હતો. મોડેથી કહ્યુ હતુકે આ મામલો પહેલાથી જ ચકાસણી હેઠળ છે. તપાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા નિમવામાં આવેલી તપાસ સમિતિ સમક્ષ આ મામલો રહેલો છે. સસ્પેન્ડ કરવામાં આવેલા આઈએએસ ઓફિસરે કહ્યુ હતુ કે તેઓ એફઆઈઆર દાખલ કરવા લોકસ સ્ટેન્ડી ધરાવે છે. સેક્ટર-૭ પોલીસ સ્ટેશનના અધિકારીઓએ કોઈ પણ પગલા શરૂઆતમાં લેવાનો ઈન્કાર કર્યો હતો. કમિશન પાસે અથવા તો કોર્ટમાં જવા કહેવામાં આવ્યુ હતુ. તેમણે એક દલીલ કરી હતી કેઆ નોંધ લેવાય તેવો ગુનો છે. સુપ્રીમ કોર્ટે કહ્યુ છેકે માન્ય ગુનામાં એફઆઈઆર દાખલ થવી જોઈએ. ગુલેલ અને કોબરા પોસ્ટ નામની બે વેબસાઈટોના ઓડિયો ક્લિપીંગના પુરાવા પણ રજુ કરવામાં આવ્યા હતા. તેમણે એમપણ કહ્યુ હતુ કે મોદી, અમિત શાહ તથા તત્કાલિન ઈન્સ્પેકટર જનરલ એકે શર્મા અને અન્ય સામે તેમની ફરિયાદ હતી. શર્માએ એમ પણ કહ્યુ હતુ કે તપાસ પંચની રચના કૌભાંડમાં તપાસ કરવા કરવામાં આવી ચુકી છે. આ સંદર્ભમાં ભલામણ કરવા તેની પાસે સત્તાઓ રહેલી છે પરંતુ એફઆઈઆર નોંધીને તપાસ કરવાનું કામ પોલીસનું છે. સંપર્ક કરવામાં આવતા ગાંધીનગરના એસપી શરદ સિંઘલે કહ્યુ હતુકે શર્માની અરજીને સ્વીકારવામાં આવી છે પરંતુ વધુ વિગત આપી ન હતી. ૧૯૮૪ની બેંચના આઈએએસ અધિકારીએ દાવો કર્યો હતો કે તેઓ ભાજપ સરકારના પગલાનો શિકાર થયા છે. શર્મા ગુજરાતમાં છ ફોજદારી કેસોનો સામનો કરી રહ્યા છે. ગુજરાત સરકારે જાસૂસી કાંડમાં તપાસ કરવા ૨૬મી નવેમ્બરે બે સભ્યોના પંચની રચના કરી હતી. કેન્દ્ર સરકારે પણ ૨૬મી ડિસેમ્બરે પંચની રચના કરવાનો નિર્ણય કર્યો હતો.

### યથાવત રખાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રસ્તાઓ તોડી પાડવામાં આવશે સ્વર્ણિમ પાર્કમાં વિવિધ આકર્ષણોની સાથે હરિયાળી નિખારવા પણ નવતર આયોજન કરવામાં આવ્યું છે. આવા સંજોગોમાં બગીચા ઉપરાંત જુદા જુદા પ્રકારનું પ્લાન્ટેશન કરવા પણ પ્લાનીંગ કરાયું છે. બીજી તરફ હાલ આ રૂટમાં સ્થિત વિશાળ ઉદ્યાનમાં હયાત વૃક્ષો અને યોગ્ય પ્લાન્ટને પણ જીવંત રાખવાનો નિર્ણય લેવાયો છે. ઉદ્યાનમાં સ્થિત અદ્યતન વૃક્ષોને કાપવામાં આવશે નહીં. પરંતુ આ તમામ પ્લાન્ટની યોગ્યતા ચકાસી યથાવત રાખવામાં આવશે. આ મામલે તંત્ર દ્વારા જરૂરી સર્વે પણ હાથ ધરવામાં આવશે.

### જનસેવા સાથે જોડાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડૉ. સ્વરૂપે જણાવ્યુ હતુ કે ૨૦ જેટલી સેવાઓ પ્રથમ તબક્કામાં ઓનલાઈન કરવાનું આયોજન છે. જેમાં વિધવા સહાયની અરજીઓ, સિનીયર સિટીજન સર્ટિફિકેટ, આધાર કાર્ડ, રેશનકાર્ડ સુધારણા, નિરાધાર સહાય યોજના, જુદી જુદી આવાસ યોજનાઓના ફોર્મ્સ સહિતની બાબતોનો સમાવેશ થાય છે.

તેમણે જણાવ્યું હતું કે આ સેવાઓ ઓનલાઈન કરવામાં કોઈ આર્થિક ભારણ આવતુ નથી પરંતુ ઈ.ગ્રામ સેવાના સંચાલકને જનસેવા કેન્દ્રમાં જે નાણાં ભરવાના થાય છે તે જમા કરાવવાના રહેશે.

### ભોજનનો ભંડારો.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એડવાન્સ બુકીંગ એટલે કે ૧૦૪ રવિવારના ભોજન દાતા નોંધાઈ ચુક્યા છે. વર્ધમાન જીવદયા અનુકંપા કેન્દ્રના નામથી ચાલતી આ પ્રવૃત્તિમાં ધર્મનિષ્ઠ અને માનવતાવાદી કાર્યને સહયોગ મળતો જ રહે છે અને દાનનો અવિરત પ્રવાહ વહે જાય છે. આ તમામ પ્રવૃત્તિની રકમનો હિસાબ પણ રાખવામાં આવે છે. ભોજનના આ ભંડારામાં વાર-તહેવારે મિષ્ઠાન પણ પીરસવામાં આવે છે. જેમાં દિવાળીએ મીઠાઈ, ઉત્તરાયણમાં ચીકી અને અન્ય તહેવારો મુજબની યાદી બનાવી ભુખ્યાને ભોજન કરાવાય છે. તે ઉપરાંત બિસ્કીટ, ચોકલેટ, ફ્રુટ અને ઉનાળામાં કેરીનો રસ પણ ગરીબોને પીરસાય છે. છતાં કોઈ દાતા દ્વારા વધારાનું કોઈ ભોજન કરાવાની ઈચ્છા હોય તો તે પણ થાય છે.

આ ભોજન ફક્ત મહિલા અને બાળકો પુરતુ મર્યાદિત રખાયું છે. પૂરૂષોને સામેલ ન કરવા પાછળ કારણ એ છે કે તેઓ મફતનું ખાવા ટેવાઈ જાય અને મહેનત ન કરે અને કામ ઉપર ન જાય તેથી તેમના પરિવારનું ભરણ પોષણ શક્ય ન બને. આમ માનવતાની મહેક પ્રસરાવતો આ કાર્યની સર્વત્ર નોંધ લેવાઈ છે અને ચોતરફથી સરાહના સાથે સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે.

### ગમખ્વાર અકસ્માત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તરફના માર્ગ પર જવા ટ્રેલરને ચોકડી પર વાળ્યું હતું. દરમિયાન ગાંધીનગર તરફથી પુરપાટ ઝડપે આવતી કપચી ભરેલી ટ્રક નં. જીજે-૯-એક્સ-૭૯૧૯ જોરદાર ધડાકા સાથે ટ્રેલરની કેબીન સાથે અથડાઈ હતી. જેના પગલે ટ્રેલરને ટ્રેલરનો ચાલક અને ક્લીનર બન્ને કેબીન સાથે ૧૫ ફૂટ જેટલા દૂર ફંગોળોઈ ગયા હતા જ્યારે અકસ્માત સર્જનાર ટ્રક ૭૦ મીટર જેટલી દૂર જઈને વૃક્ષો સાથે અથડાતા ૩ જેટલા વૃક્ષોને તોડી સાઈડમાં ઉતરી ગઈ હતી. જેના ડ્રાઈવર ક્લીનર ટ્રક મુકીને નાસી ગયા હતા. આ ઘટના અંગે ૧૦૮ને જાણ કરતા એમ્બ્યુલન્સ દોડી આવી હતી. સાથે પોલીસ પમ ઘટના સ્થળે આવી હતી. બન્ને ઈજાગ્રસ્તોને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટના સંદર્ભે સેક્ટર-૭ પોલીસે ગુનો નોંધી ફરાર ટ્રકચાલકની શોધખોળ હાથ ધરી છે.

### રસ્તા બનાવવાનું કામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રસ્તાઓ ખૂંદાયેલી હાલતમાં છે. હયાત રસ્તાઓ તૂટી ગયેલી હાલતમાં હોવાથી ગ્રામજનો માટે સમસ્યા સર્જાઈ છે. ગ્રામ્ય વિસ્તારમાં સી.સી. રોડ બનાવવાની યોજના અન્વયે લાંબા સમય બાદ કામ હાથ ધરવા નિર્ણય લેવાયો છે. સૂત્રોના જણાવ્યા મુજબ શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં માર્ગ નવીનીકરણનું કામ હાથ ધરાશે. ગટરલાઈનની કામગીરી દરમિયાન તૂટેલા રસ્તાઓનું પેચવર્ક હાથ ધરાશે. જેમાં નીચાળવાળા માર્ગોનું લેવલીંગ કરવામાં આવશે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં રસ્તાનું કામ બાકી હોય તેવી જગ્યાએ નવા માર્ગોનું નિર્માણ કરાશે. શહેરી વિસ્તારના ગામોમાં રસ્તાના બાકી કામ અંગે અગાઉ અભ્યાસ હાથ ધરાયો હતો જયારે નવા રસ્તા બનાવવાના કામ માટે ૨.૨૫ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. આ કામ માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. આગામી મહિનામાં કામ શરુ કરી દેવાશે.

### નામ શોધવા તાકીદ.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે આગામી સપ્તાહે પંચના નાયબ ચૂંટણી કમિશનર શ્રી ડૉ. વિનોદ ઝુત્સી ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે અને તેઓ અહિ રાજ્યના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરશે ત્યારબાદ મતદારયાદીની પ્રસિદ્ધિની પ્રક્રિયામાં આગળ વધવામાં આવશે.

૧૧ થી ૨૦ જાન્યુઆરી દરમ્યાન યોજાનાર મતદારયાદી સુધારણા ઝુંબેશમાં શૈક્ષણિક સંકુલોને આવરી લઈ ખાસ સફળ ઝુંબેશ બને તે માટેનું આયોજન કરવા માટે પણ આજની કોન્ફરન્સમાં તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

આજની કોન્ફરન્સમાં ચૂંટણી માટે મંજૂર કરાયેલ મહેકમ પર ઝડપથી નિમણુંકો આપવા માટે પણ તાકીદ કરવામાં આવી છે.